# પરિષદ-પ્રમુખનો પત્ર

ગિરાગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાની પ્રક્રિયા બેવડી છે. એક બાજુથી ગુજરાતી સાહિત્યકારે પોતાના ચરિત્ર્યને ઉદાત્ત કરવું પડશે અને બીજી બાજુથી આપણા ક્ષેત્રને વિશાળ કરવું પડશે. ઉદારચરિત સાહિત્યકાર વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાથી સાહિત્ય-સર્જન કરતો થાય ત્યારે ગુજરાતી ભાષા વિશ્વ સ્તરની બને. સાહિત્યકારના હૃદયનું સૌન્દર્ય, વિશાળ જગતની વિવિધતાનું સત્ય અને વ્યક્તિ, સમષ્ટિ, સૃષ્ટિમાં સંવાદિતા સાધવાનું કલ્યાણકારી લક્ષ ભેગાં થાય ત્યારે તેમાંથી સત્ય-શિવ-સુંદરમ્‌નો સંગમ થાય. ગિરાગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાની એ જ રીત હોય.

વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની વિશેષતા ગણાય. ગુજરાતી ભાષાનો પાયો મજબૂત કરવો હોય અને એની ક્ષિતિજો વિસ્તારવી હોય તો તેમાં પણ વિવિધતામાં એકતા પ્રગટ થવી જોઈએ. એને સારુ સાહિત્ય માત્ર સમાજની આરસી બની રહે, એ ન ચાલે. એણે સમાજ સારુ પથપ્રદર્શક દીપ પણ બનવું પડે. વિભિન્નતામાંથી સમાજને અભિન્નતામાં લઈ જવાનો સાહિત્યનો પુરુષાર્થ સાહિત્યને પોતાને સારુયે ઉપકારક નીવડે. એને માટે આપણા સમાજમાં રહેલી વિવિધતાના સૌન્દર્યને પારખી આખા સમાજની એકતાને અનુભવવાની ને માણવાની રહે.

વિવિધતાનું સૌન્દર્ય તો જ અનુભવાય, જો સામેનાના ગુણોનું દર્શન કરતાં આવડે અને સાથે સાથે સામેનામાં અને પોતાનામાં સમાનતાનું તત્ત્વ કયું છે તે પણ જોતાં આવડે.

આરંભ કદાચ આપણે પરસ્પરની કદરથી કરવો પડશે. હું ખોટા કે ઔપચારિક વખાણ કે ખુશામતની વાત નથી કરતો. જ્યારે જુદાં જુદાં જૂથોમાં વહેંચાઈ ગયા હોઈએ ત્યારે પોતાના જૂથના સભ્યના અનાવશ્યક વખાણની વાત નથી કરતો (અને નથી કરતો વાત સામેના જૂથના સભ્યની કડવાશ ભરી ટીકાની). હું તો માત્ર સાચા દિલની કદરની જ વાત કરું છું. ઘણી વાર બીજા સાહિત્યકારની કૃતિ જોઈને ‘એના કરતાં તો હું ચડિયાતો’ એવો ભાવ આપણા મનમાં નથી જાગતો ? ઈર્ષાનો જન્મ ત્યાંથી જ થાય છે. ઈર્ષા આપણને અન્યના ગુણો પ્રત્યે આંધળા કરી દે છે. આ ભાવ ખાસ તો અન્યને પારિતોષિક અપાતું હોય કે એનું બહુમાન થતું હોય ત્યારે પ્રેક્ષક-શ્રોતા-સાહિત્યકારોની આંખોમાં તરી આવે છે. આવે પ્રસંગે આપણી કસોટી આપણે કોને કેટલે અંશે ‘સ્વ’ અને કેટલે અંશે ‘પર’ માનીએ છીએ તેની ઉપરથી થાય છે. જેટલે અંશે આપણે આપણી વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાને બાજુએ રાખીને ગુજરાતી ભાષાને ‘સ્વ’ માનતા થઈશું એટલે અંશે આપણે વ્યક્તિગત રાગદ્વેષમાંથી બચી જઈશું. અને પછી સ્પર્ધાનું સ્થાન ગુણદર્શન લેશે. આપણા ઘણા સંબંધો પ્રાઇડ ઍન્ડ પ્રેજ્યુડિસ જેવા હોય છે, તેને બદલે આપણે તેને શેર ઍન્ડ કેરમાં પલટવા પડશે. પછી આપણને ગુજરાતી ભાષા અને સાહિત્યમાં દેખાતી ભેદરેખાઓ : મુખ્ય ધારા – દલિત સાહિત્ય, અલ્પસંખ્યકોનું સાહિત્ય, સાહિત્યની જુદી શૈલીઓના ભેદો – આધુનિક – અનુઆધુનિક, ગાંધીયુગીન – અનુગાંધીયુગીન વગેરે વગેરે ભેદો તરીકે નહીં, પણ વૈવિધ્ય સૂચવતાં સ્વરૂપો તરીકે દેખાતા થશે. આ ભેદોમાં ઘણી વાર આપણે બહુમતી સાથે છીએ વિવિધતા બીજે ક્યાંય જોવા નહીં જડે. આપણે ટ્રેનમાં કે બસમાં મુસાફરી કરતા હોઈએ ત્યારે આપણને એ દેખાઈ આવે છે કે આપણા સમાજના લોકોના કે લઘુમતી સાથે એ હકીકત જ આપણી અનુકૂળ-પ્રતિકૂળ લાગણીઓ જન્માવે છે. બહુમતીવાળા એક પ્રકારની સલામતી અને લાપરવાહી અને લઘુમતીવાળા થોડો આક્રોશ અનુભવતા હોય છે. સલામતી સાથે જેવી બેફિકરી આવે તેવી જ એ સલામતી જોખમમાં મુકાય છે, એ સમજતા થઈશું તો સલામતીને આપણે ઉદારતામાં ફેરવી શકીશું. અને આક્રોશ વ્યક્તિ, વર્ગ, વર્ણ કે સંપ્રદાય વિષે કરવાને બદલે આખી સમાજવ્યવસ્થા અંગે દેખાડીશું તો એ આક્રોશને પુણ્યપ્રકોપમાં ફેરવી શકીશું. તેમાંથી એ પ્રકોપ સહિયારી પાપમોચન-પ્રક્રિયા પણ બની શકે.

તુલસીદાસના કાળમાં સમાજમાં શૈવ અને વૈષ્ણવોના ભેદભાવો હતા. તુલસીએ વિષ્ણુના અવતાર રામ પાસે શિવવંદના અને શિવજી પાસે રામસ્તુતિ કરાવીને સાહિત્ય દ્વારા સમાજને સાંધવાનું કામ કર્યું. મન્ટોના જમાનામાં હિંદુમુસ્લિમ-ભેદભાવ હતા અને વિભાજનની ત્રાસદીથી એ વધુ તીવ્ર થયા હતા. મન્ટોએ પોતાનો આક્રોશ આ ભેદભાવો પર જ ઠાલવ્યો. પરિણામે ઉત્તમ સાહિત્યસર્જન સાથે તેણે અમુક અંશે સમાજનાં જખમ રુઝવવાનું કામ પણ કર્યું. અંકલ ટૉમ્સ કૅબિનની નવલકથાએ અમેરિકાના રંગદ્વેષ પર જે સૌમ્ય પ્રહાર કર્યો હતો તેણે તે વખતે સમાજમાં વલણો બદલવામાં ફાળો આપ્યો હતો. પ્રેમચંદ અને કૃષ્ણચંદ્રના હિંદી અને ઉર્દૂ સાહિત્યે પણ આ પ્રકારની સમાજસેવા કરી છે. કેરળના મારા મિત્રો મને કહે છે કે મલયાલમ ભાષામાં દલિત-સાહિત્ય જેવો કોઈ જુદો વાડો એટલા માટે નથી પડ્યો કે ત્યાં છેલ્લા થોડા દશકોથી દલિતોના પ્રશ્નો એ માત્ર દલિતોના જ નહીં, પણ સાહિત્યની મુખ્ય ધારાના પ્રશ્નો બની ચૂક્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદની ગોષ્ઠીમાં દલિત સમાજ વિશે બિનદલિત સાહિત્યકારોને બોલાવવાનો આગ્રહ કેટલાક દલિત મિત્રોએ રાખ્યો તેની પાછળ પણ હું આ શુભ ભાવના જોઉં છું. આ બાબતમાં સમત્વભાવ ત્યારે જ પેદા થશે જ્યારે વંચિતોનાં દુઃખોને અન્ય સાહિત્યકારો અનુભવતા અને અભિવ્યક્ત કરતા હશે. આપણે સમાજની વિષમતાઓને સામસામી વોટબેંકો સ્થાપીને કદી દૂર નથી કરી શકવાના. એને સારુ તો ‘હાર્ટબેંક’ સ્થાપવી પડશે જેમાં મૈત્રી, કરુણા અને સમતાનું મૂડીરોકાણ કરવામાં આવશે.

આ જ અનુસંધાનમાં આપણે બોલેલા સાહિત્યક્ષેત્રે પણ ધ્યાન આપવું પડશે. કેટલાક સંભ્રાન્ત સાહિત્યકારોની એક પ્રવૃત્તિ બોલેલા સાહિત્યને સાહિત્યમાં જ ન ગણવાની દેખાતી હોય છે. માનવના ઇતિહાસમાં લિપિ તો કેટલી મોડી આવી છે એનો ખ્યાલ કરો. જે બોલેલા સાહિત્યની અવગણના કરશે એ આપણા કેટલા મોટા વાઙ્મયના વારસાને ખોઈ બેસશે એનો ખ્યાલ કરો ! શ્રુતિ-સ્મૃતિ અને તે પહેલાંનું જ્ઞાન, જે આપણી નસોમાં વારસા રૂપે વહી રહ્યું છે, તેની આપણે માત્ર એટલા સારુ ઉપેક્ષા કરવી છે કે, આપણે કેટલાક ‘ફાવેલાઓ’ લખતાંવાંચતાં શીખી ગયા અને બીજાંઓ પરિસ્થિતિવશ રહી ગયા ?

ભારતીય સાહિત્યમાં જુદા જુદા સમાજોના જીવનના નિરૂપણ અંગેની ગોષ્ઠીમાં ગ્રામીણ સાહિત્યનો વિષય નહોતો લેવામાં આવ્યો. પણ એની ઉપેક્ષા કરવી કોઈ પણ સાહિત્યને પરવડે એમ નથી. તેમાંય ગુજરાતી સાહિત્યને આ બાબત બીજા કરતાંય વધુ લાગુ પડે એમ છે. આખા દેશમાં ફરતાં મને લાગ્યું છે કે છેક ઉત્તર-પૂર્વમાં અસમ ક્ષેત્ર અને બીજું આપણા સૌરાષ્ટ્રમાં સમાજજીવનની જેટલી વિવિધતા જોવા જડે છે એટલી

પહેરવેશ, એમનાં ઘરેણાં, એમની બોલીઓ, એમના વિશિષ્ટ શબ્દપ્રયોગો, એમની કહેવતો, અને એમના બહોળા લોકસાહિત્યમાં કેટલી અગાધ અને અપ્રતિમ વૈવિધ્યસભર સુંદરતા પડેલી છે ! એ સુંદરતા જો સુચારુ રૂપે અને પૂરા આદર સાથે આપણા 'શિષ્ટ' સાહિત્યમાં પ્રગટ થાય તો આખી દુનિયાના સાહિત્યમાં એ ગૌરવવંતું સ્થાન લઈ શકે એમ છે. અત્યારે બીજા પ્રદેશોની સરખામણીમાં ગુજરાતમાં નગરીકરણની ઝડપ ઘણી વધારે છે. પણ મહાનગરોની એક લાક્ષણિકતા એ હોય છે કે ત્યાં સતત ભીડની વચ્ચે રહેતો માણસ એકલવાયો બની રહે છે. લોકો પોતાના તળ પાડોશીને પણ ઓળખતા નથી. એ અર્થમાં નગરોમાં સામાજિકતા ઘટી છે. સમાજને વધુ સામાજિક, વધુ સહૃદય અને તેથી કરીને વધુ માનવીય બનાવવા એ સાહિત્યનું ધ્યેય હોવું જોઈએ. એમ કરીશું તો આપણે સાહિત્યને માત્ર સમાજનું દર્પણ બનાવવાને બદલે એની પથપ્રદર્શક મશાલ બનાવી શકીશું.

આમ જો સમગ્ર રીતે જોઈએ તો ગિરાગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાની આખી સાધના અહંકાર ઘટાડવા અને ઉદારતા વધારવાની પ્રક્રિયા છે. જેમ જેમ અહમ્‌નું વર્તુલ નાનું થતું જશે, તેમ તેમ ભૂમાનું વર્તુળ વિસ્તરતું જશે. છેવટે વિશ્વની સેંકડો કે હજારો ભાષામાં આપણી એક ગુજરાતી ભાષા; તે ભાષા વાપરનારા કરોડોમાંના આપણે એક; અને એના નરસિંહથી માંડીને આજ સુધી થઈ ગયેલા પ્રયોગકર્તાઓમાં આપણે એક અલ્પ જીવ, એવું ચિંતન આપણે કરીએ તો આપણા અહંકાર-નિરસનનો એ જ્ઞાનમાર્ગ બની રહે. વિશ્વના ઉત્તમ સાહિત્ય જોડે આપણો એટલો પ્રેમ હોય કે એ પ્રેમના પૂરમાં આપણો અહમ્‌ ક્યાંય ડૂબી જાય – એ અહંકાર-નિરસનનો ભક્તિમાર્ગ. અને આપણે સતત વ્યાપક થતા જવું છે અને તે સારુ સતત જાગરૂકતાથી પ્રયત્નશીલ રહેવું છે, એ અહંકાર-નિરસનનો કર્મયોગી રસ્તો, આપણી પોતાની વૃત્તિ પ્રમાણે આપણે એમાંથી કોઈ એક અથવા તેથી વધારે રીતે પ્રયાસ કરીએ.

અહંકાર ઘટાડવાની આપણી આ પ્રક્રિયા જ ઉદારતા વધારવાની પ્રક્રિયા બની રહે. પણ એનો પ્રયાસ સામે છેડેથીયે થઈ શકે. સાથેનાના – એટલે કે બીજા જૂથ, બીજા સમાજ કે બીજી ભાષાના – જેટલા ગુણો આપણને દેખાશે એટલી આપણી ભાવના વધુ ઉદાત્ત થશે. એ ગુણો જોવાનો માર્ગ તે જૂથ, સમાજ કે ભાષાના સાહિત્યમાં ઊંડા ઊતરવાનો છે. ગામડાની ભાષા, બોલચાલની ભાષા, દલિત કે આદિવાસી સમાજનું સમાજજીવન, લઘુમતીઓમાંથી કોઈનું સમાજજીવન એ સર્વને લગતું સાહિત્ય એ આપણા અભ્યાસનો વિષય બનાવીએ. ગુજરાતી સિવાયની બીજી ભાષા – એમાંથી કોઈના પણ અધ્યયનમાં આપણે જેમ જેમ ઊંડા જઈશું તેમ તેમ આપણને એની ખૂબીઓ સમજાશે. એ પ્રત્યે અણગમો હોય તો તે ઓછો થશે અને પ્રીતિ વધશે. તેલુગુ ભાષામાં આજે આપણને માટીની હાંલ્લીમાં કાંકરા નાખીને ખખડાવ્યા હોય તેવી કર્કશતા સંભળાય છે પણ તેલુગુ કવિઓ એને પ્રાતઃકાલીન વિહંગોના વૈતાલિક કલરવ જેવી મધુર કહે છે. ભાષાનું માધુર્ય ક્યાં હોય છે તે આપણને બ્રજભાષા, બાંગ્લા, ફારસી કે ફ્રેંચ કે પછી તેલુગુના અભ્યાસથી સમજાશે. અભ્યાસથી એ બોલીઓ કે ભાષા પ્રત્યેની પ્રીતિ વધશે. લોકસાહિત્યમાં સમરસ થઈ એમાં ઊંડી ડૂબકી મારવાથી શ્રી ઝવેરચંદ મેઘાણીને કેટલાય ભેદોની ભીંતોને ભાંગતા આપણે જોયા છે. સંસ્કૃત સાહિત્યનું ગહન અધ્યયન કરી આપણા પંડિત યુગના અનેક મનીષીઓને આપણે ગુજરાતી સાહિત્યને સુસંસ્કૃત કરતા જાણ્યા છે. વિશ્વ સાહિત્યના મહાસાગરમાં ઝંપલાવીને ગુજરાતી સાહિત્યના ફલકને વિશાળ કરતા સુરેશ જોષી



જેવાઓને જાણ્યા છે. ગુજરાતી સાહિત્યને વિશ્વકોટિનું કરવું હોય તો ગુજરાતી સાહિત્યકારે અનિવાર્યપણે વિશ્વસાહિત્યમાં અવગાહન કરવું પડશે. આમ એક તરફથી અહંકાર ઘટાડતા જઈને તો બીજી તરફ વિશ્વને સાવ પાડોશથી માંડી દૂરની ક્ષિતિજ સુધી ખુલ્લે દિલે અને ખુલ્લી બાંહ્યોએ આવકારીએ. આપણી નિષ્ઠા, જ્ઞાનોપાસના અને પરિશ્રમ દ્વારા એ ધ્યેય સુધી પહોંચવા નિરંતર મથતા રહીએ.

**– નારાયણ દેસાઈ**